| PUBLICATION NAME : | Gujarat Pranam |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/12/2024 |
| PAGE : | 02 |

# EDII માં 'મરીન એગ્રી-એન્ટ્રપ્રિન્યોરશિપ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ'પર વૈશ્વિક કાર્યક્રમ શુરુ



અમદાવાદ, ૫ ડિસેમ્બર, ૨૦૨૪: એન્ટ્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) એ 'મરીન એગ્રી-એન્ટ્રપ્રિન્યોરશિપ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ' પર ૫મી ડિસેમ્બરથી આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ શુરુ કર્યો. આ કાર્યક્રમને ITEC (ભારતીય તકનિકી અને આર્થિક સહકાર) વિદેશ મંત્રાલયનો વિભાગ, ભારત સરકાર દ્વારા સહયોગ મળ્યો છે જે ૧૭મી ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે. આ પ્રોગ્રામમાં 14 ITEC ભાગીદાર દેશોથી ૨૩ પ્રતિભાગીઓ એકઠા થયા, જે દરિયાઈ કૃષિ અને પુરવઠા શૃંખલાના સંચાલનમાં તકઓ અને પડકારોનો અભ્યાસ કરશે. બાંગલાદેશ, કોટ ડિ'આવોયર, ઈક્વાડોર, એથિઓપિયા, ઘાના, કેન્યા, મૌરિશસ, નાઈજીરિયા, પાપુઆ ન્યૂ ગિનીયા, શ્રીલંકા, તાજિકિસ્તાન, યૂગાંડા, ઝિમ્બાબ્વે થી પ્રતિનિધિ શામેલ થયા છે.

લોકાર્પણ સમારોહ ૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઈડીઆઈના અમદાવાદ કેમ્પસમાં યોજાયો, જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વિરાજ સિંહ, એડિશનલ સેક્રેટરી (DPA-II & IV), વિદેશ મંત્રાલય, ન્યુદિલ્હી હાજર રહ્યા હતા.